## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



મેં મારી રોટલી કરી લીધી છે... તમારી કરી લેજો, મોદીજીએ શું કીધું છે... આત્મનિર્ભર બનો...

# શંકાસ્પદ લક્ષણ વાળાને સોલા સિવિલમાં ટેસ્ટની ના પડાઈ

કોરોના નામની મહામારીએ આખા વિશ્વમાં હાહાકાર મચાવ્યો છે. ભારતમાં ગુજરાત અને મહારાષ્ટ્રની દશા સૌથી ખરાબ છે. ગુજરાતમાં પણ અમદાવાદના તો હાલ બેહાલ થઈ ગયા છે. ગુજરાતમાં સૌથી વધારે કેસ અને મોત અમદાવાદમાં થયા છે ત્યારે અમદાવાદની સરાકારી હોસ્પિટલની કોરોના પ્રત્યે બેદરકારી સામે આવી છે. શહેરમાં ટેસ્ટિંગ ન કરતા હોવાનો કિસ્સો સામે આવ્યો છે. કોરોનાના ટેસ્ટ માટે ડોક્ટરે ઉડાઉ જવાબ આપ્યો હતો. અમદાવાદના ન્યુ રાણીપ વિસ્તારમાં રહેતા રોહનને કોરોનાના શંકાસ્પદ લક્ષણો લાગતા તે સોલા સિવિલ હોસ્પિટલમાં ટેસ્ટ માટે ગયો હતો. જ્યાંથી સોલા સિવિલ હોસ્પિટલના ડૉક્ટરે ઉડાઉ જવાબ આપ્યો હતો. ત્યાંના ડોક્ટરોએ તપાસ કરી યુવકનો ટેસ્ટ કરવાની ના પાડી દીધી હતી. દવા આપી અને આઈસોલેટ થવા માટે સૂચના આપી હતી. વધારે થાય તો આવજો. ત્યાં કોરોનાના ટેસ્ટની ના પાડતાં તે ઘરે આવી ગયો હતો. તેના ગળામાં તકલીફ વધતા તેમણે ૧૦૪માં ફોન કરતાં પણ સંતોષકારક જવાબ મળ્યો ન હતો. મહત્ત્વનું છે કે, આ યુવકને પાંચ દિવસથી શરદી, તાવ અને ગળાની તકલીફ છે. આ અંગે રોહન સોશિયલ મીડિયા પર પણ પોસ્ટ મૂકી છે. ત્યારે અનેક સવાલ થાય છે કે સરકારી હોસ્પિટલો કેમ કોરોના પ્રત્યે બેદરકાર બની રહી છે ? દર્દીને લક્ષણ હોવા છતાં પણ ટેસ્ટ કરવામાં આનાકાની કેમ કરવામાં આવી રહી છે ?

# શહેરના ૬-૭ કટ પાસે ઈકો-બાઈક વચ્ચે અકસ્માત : યુવકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૯

લોકડાઉન હળવુ થતા જ નાગરીકો માર્ગ પર દેખાઈ રહ્યા છે. ત્યારે માર્ગ અકસ્માતની સંખ્યા પણ જોવા મળી રહી છે. ત્યારે શુક્વારના રોજ બપોરના ચાર વાગ્યાના અરસામાં ઘ માર્ગ પર ૬-૭ ના કટ પાસે ઈકો-બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતને પગલે ઈકો કારનો ચાલક ઈકો મુકીને ભાગી ગયો હતો. આ અકસ્માતમાં વાવોલના ૩૪ વર્ષિય યુવકનું ઘટના સ્થળે જ મૃત્યું નિપજયુ હતું. જયારે મૃતક યુવાન ડબલ મર્ડર કેસમાં જેલવાસ ભોગવી રહ્યો હતો, તાજેતરમાં પેરોલ મળતા યુવક બહાર આવ્યો હતો.

મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીક આવેલા વાવોલ ગામે રહેતા ૩૪ વર્ષિય શશીકાંત રતિલાલ મકવાણા બપોરના ચાર વાગ્યાના અરસામાં સેકટર-૭ તરફથી ઘ માર્ગ પર આવ્યો હતો. આ સમયે ઘ-૨ તરફથી આવી રહેલી ઈકો કાર નં.જી.જે.૩૧. એ.૯૮૫૭ એ બાઈકને અડફેટે લીધુ હતું. ઈકો કારની ટક્કર વાગતા શશીકાંત માર્ગ પર પટકાતા માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. જેને પગલે સ્થળ પર જ બાઈક ચાલકનું ઘટના સ્થળે જ મૃત્યું નિપજયુ હતું. બનાવને પગલે ઈકો કારનો ચલાક અકસ્માત સ્થળથી આગળ ઈકો ઉભી રાખીને ફરાર થઈ ગયો હતો. બનાવને પગલે સેકટર-૭ પોલીસ તાત્કાલીક ઘટના સ્થળે આવી પહોંચી હતી અને યુવાનના મૃતદેહને પીએમઅર્થે મોકલી આગળની તપાસ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે સેકટર-૬ સી ખાતે માતા અને દિકરીનું મર્ડર થયુ હતું. આ કેસમાં વર્ષ ૨૦૧૭માં કોર્ટે શશીકાંત મકવાણા સહિત ચારને આજીવન કેદની સજા ફટકારી હતી.










ઉનાળાની ગરમી દિવસે દિવસે વધી રહી છે. આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા છે. આકરો તડકો સૌને અકળાવી રહ્યો છે. મનુષ્યો આકરી ગરમીથી રાહત મેળવવા એસી કે કુલર ચલાવે છે પરંતુ કુદરતના ખોળે વિહરતા પશુ પંખીઓની હાલત આકરી ગરમીમાં વધુને વધુ ખરાબ થાય છે. જો કે તેમને કુદરતે આપેલી સમજણ અદભૂત છે. ગરમીથી બચવા તેઓ વૃક્ષોનો ગાઢ છાંયો શોધી જ લે છે. બપોરના સમયે તેઓ પોતાની પ્રવૃત્તિઓને સાવ ઓછી કરી વૃક્ષોના છાયામાં દિવસ પસાર કરી લે છે. વૃક્ષની ડાળ પર બેઠેલું આ કબુતર ગરમીથી આવી જ રીતે રાહત મેળવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

# સેકટર-૧૩ના છાપરાઓના અને સેક્ટર-૨૨ના છ- ટાઈપ વિસ્તારને કન્ટેન્ટમેન્ટ એરિયા જાહેર કરાયા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં આવેલા સેકટર-૧૩ના છાપરાઓના વિસ્તારને તા.૨૯મી મે, ૨૦૨૦ના રોજ મહાનગર પાલિકાના કમિશનરશ્રી દ્વારા જાહેરનામું બહાર પાડીને કન્ટેન્ટમેન્ટ એરિયા તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના કમિશનર શ્રી રતનકંવર ગઢવીચારણે જાહેરનામામાં જણાવ્યું છે કે, હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાઈરસ કોવિડ-૧૯ ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવી છે. ભારતમાં પણ કોવિડ-૧૯ના કેસો નોધાયેલ છે. જે બાબતે કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાઈરસને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવી છે. કોરોના વાયરસના સંક્રમણને ધ્યાને લેતાં સેકટર- ૧૩ અને ૨૨ વિસ્તારમાં નોવેલ કોરોના વાઈરસનો પોઝિટીવ કેસ નોંધાયો છે. જેથી સેકટર-૧૩ સામે ખ- રોડને સમાંતર કમ્પાઉન્ડ વોલની પાછળના ભાગે અને રેલ્વે લાઈનની વચ્ચેનાં વિસ્તારમાં આવેલા અંદાજીત ૩૫૧ જેટલા છાપરામાં રહેતા અંદાજીત ૧૫૨૩ જેટલી વસ્તી ધરાવતા સમગ્ર વિસ્તારને કન્ટેન્ટમેન્ટ એરિયા જાહેર કરવામાં આવ્યો છે.

તેમજ સેકટર – ૨૨માં રીંગ રોડ ઉપર આવેલા 'છ' ટાઈપના બ્લોક નંબર- ૩૧,૩૬,૪૦,૪૧ અને ૪૨ માં સમાવિષ્ટ અંદાજીત ૫૦ રહેણાંક ઘરોમાં રહેતા અંદાજીત ૨૨૩ જેટલી વસ્તી ધરાવતા સમગ્ર વિસ્તારને કન્ટેન્ટમેન્ટ એરિયા તરીકે પણ મહાનગરપાલિકાના કમિશનરશ્રીએ જાહેર કર્યો છે.



ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે તાજેતરમાં ચંદ્રાલા ગામની મુલાકાત લઈ ત્યાં લોકડાઉનના અમલીકરણ, સેનીટાઈઝેશન, સ્વચ્છતા અભિયાન સહિતની બાબતો અંગે સરપંચ વિનુભાઈ પટેલ સાથે સમીક્ષા કરી હતી.

# અમદાવાદમાં ફાયરબ્રિગેડના છ જવાનો કોરોનાની ઝપેટમાં

અમદાવાદ,તા.૨૯

કોરોના મહામારીમાં ફ્રન્ટમાં રહી કામ રહેલ કોરોના વોરિયર્સ એક પછી એક કોરોનાના ઝપેટમાં આવી રહ્યા છે. અમદાવાદમાં ફાયરબ્રિગેડના છ કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત થઈ હાલ સારવાર હેઠળ છે. અમદાવાદ ફાયર એન્ડ ઈમરન્જસી સર્વિસમાં કોરાના વાયરસથી સંક્રમિત થયેલ કર્મચારીઓની કુલ સંખ્યા છ થઈ છે. પાંચકુવા ફાયર સ્ટેશનના ફાયરમેન નરેશ હાજાજી ડામરને ગુજરાત કેન્સરમાં દાખલ કરેલ છે. મણિનગર ફાયર સ્ટેશનમાં કામ કરતા ફાયરમેન જીગ્નેશ પ્રવિણભાઈ ગઢવીને એસવીપી હોસ્પિટલમાં દાખલ કરેલ છે. જશોદાનગર ફાયર સ્ટેશનમાં સૌથી વધુ ચાર ફાયરમેન કોરોનાની ઝપેટમાં આવી ગયા છે. ફાયર વોલીએન્ટર પંકજકુમાર અભિરાજ ચૌધરી, ડ્રાઈવર નગીનભાઈ પોપટલાલ રાવત અને ફાયરમેન આશિશભાઈ લલીતકુમાર મિશ્રાને એસવીપી હોસ્પિટલમાં દાખલ કર્યા છે. જ્યારે ફાયરમેન રોબિનશન એરવિન ક્રિશ્ચિયનને સોલા સિવિલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

# ગાંધીનગર તાલુકાનો ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરાયો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર તાલુકામાં ચોમાસુ- ૨૦૨૦ની પૂર્વ તૈયારીના ભાગરૂપે આજરોજ પ્રાંત અધિકારી શ્રી જે.એમ.ભોરણિયાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં ગાંધીનગર તાલુકા ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરવામાં આવ્યો હતો.

આ બેઠકના આરંભે પ્રાંત અધિકારી શ્રી જે.એમ. ભોરણિયાએ ગાંધીનગર તાલુકામાં અતિભારે વરસાદ કે પૂરીની પરિસ્થિતિનું નિર્માણ થાય તે સમય દરમ્યાન પણ કોરોના વાયરસ અંગે સરકાર દ્વારા આપવામાં આવેલી ગાઈડલાઈનનું સુચારું પાલન થાય તેની ખાસ તકેદારી રાખવા માટે ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે મોટા ભાગના ગામોમાં અતિભારે વરસાદ અને પૂર દરમ્યાન આશ્રય સ્થાન તરીકે ગામની શાળાઓનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. જેથી શાળા સુધી જવાના તમામ માર્ગ સુવ્યસ્થતિ કરવા તેમજ રસ્તા તુટેલો કે મોટા ખાડા હોય તો પૂરી નાખવા માટેની પણ સૂચના સંબંધિત અધિકારીઓને આપી હતી. તેમજ શાળાનું શૌચાલય, પીવાની પાણીની સુવિધા, વીજળી જેવી પ્રાથમિક બાબતોની પણ ખાસ ચકાસણી કરી લેવા જણાવ્યું હતું.

પ્રાંત અધિકારીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, કોઈપણ ગામમાં આવતાં કે મુખ્ય માર્ગ પર પડી જાય તેવા ઝાડ હટાવવાની કામગીરી કરવી. તેમજ નમી પડેલા વૃક્ષોની ડાળીઓને કાપી સરખી કરવા પણ સૂચના આપી હતી. બચાવ અને રાહતની કામગીરી દરમ્યાનની કામગીરી માટે ફાયર બિગ્રેડની ટીમ પાસે રહેલી બચાવ કામગીરીના વાહનો, સાધનો અને લાઈફ બોટનું ટેસ્ટીંગ કરી લેવા પણ ખાસ જણાવ્યું હતું. તેમજ જે.સી.બી. જરૂર પડે કે તુરંત મળી શકે તેવી વ્યવસ્થા કરવા. તેમજ કોઈપણ કારણોસર જે.સી.બી ઘટના સ્થળે ન પહોંચી શકે તેવું હોય ત્યારે તેની વૈકિલ્પક વ્યવસ્થા પણ ખાસ ગોઠવવા. તેમજ કોઈપણ ગામની શાળાનો ઓરડો, ગામનું કોઈ મકાન કે ઈમારત જર્જરિત કે ભય જનક હોય તો તેનું અવલોકન કરી યોગ્ય વ્યવસ્થા હાથ ધરવા પણ સંબંધિત અધિકારીને જણાવ્યું હતું.



# સાબરમતી જેલમાંથી ત્રણ આરોપીએ સેલ્ફી વાયરલ કરી

અમદાવાદ, તા. ૨૯

કોરોના વાયરસની મહામારી વચ્ચે અમદાવાદની મધ્યસ્થ જેલમાંથી એક સેલ્ફી વાયરલ થઈ છે. જે બાદમાં જેલ તંત્રએ પણ હરકતમાં આવી કાર્યવાહી શરૂ કરી છે. જેલમાંથી લેવામાં આવેલી આ સેલ્ફીમાં દેખાતા ત્રણ આરોપીમાંથી એક આરોપીએ ૨૬મી મેના રોજ આ સેલ્ફી પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર અપલોડ કરી હતી. સૂત્રોએ જણાવ્યુ હતુ કે, જેલમાંથી જામીન પર બહાર આવેલ આકાશ નામના એક યુવકે આ ફોટો મૂક્યા હોવાની વાત સામે આવી છે. સેલ્ફીમાં ત્રણ આરોપી નજરે પડી રહ્યા છે. આ ત્રણમાંથી એક આરોપી હાલ પણ જેલમાં છે અને બે જામીન પર જેલ બહાર છે. આ સેલ્ફી લઈને હવે જેલ તંત્ર પણ કાર્યવાહી શરૂ કરી છે.આકાશ પરિહાર સામે અગાઉ પણ અનેક ગુનાઓ નોંધાઈ ચુક્યા હોવાની વાત સામે આવી રહી છે.

આ મામલે જ્યારે જેલના અધિકારી ડી.વી. રાણા સાથે વાત કરી તો તેમને જણાવ્યું છે કે, ફોટો સેન્ટ્રલ જેલનો છે, પરંતુ તે નવેમ્બર મહિનાનો છે. આરોપીએ જેલમાંથી આ ફોટો પોતાના સાગાને મોકલી આપ્યો હતો. આકાશ જેલમાંથી જામીન પર બહાર આવ્યો ત્યાર બાદ તેને આ ફોટો મૂક્યો હોઈ શકે છે.હાલ આ મામલે રાણીપ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો છે તેમજ પોલીસે આ મામલે કાર્યવાહી પણ શરૂ કરી છે. અહીં સૌથી મોટો સવાલ એ છે કે જેલમાં આ આરોપીઓ પાસે મોબાઈલ કંઈ રીતે પહોંચી જાય છે? બીજું મોબાઈલથી સેલ્ફી લેવામાં આવી છે તેનો મતલબ એવો થાય કે આ ફોન બેઝિક ફોન નહીં પરંતુ આધુનિક ફિચર ધરાવતો ફોન હોવો જોઈએ. આ મામલે અનેક શંકા જન્મી રહી છે.

# કારને ટકરાઈને ભાગી રહેલા જીપ ચાલકે અન્ય કારને પણ અડફેટે લીધી

ગાંધીનગર શહેરના ઘ-૪ પાસે કારને સામાન્ય અથડાતા સર્જાયેલા અકસ્માતને પગલે ચાલકે ધુમ સ્પીડે કાર દોડાવી હતી. જેથી આસપાસ જોઈ રહેલા નાગરીકોમાં ભય છવાયો હતો. ત્યારે મળતી માહિતી મુજબ શુક્રવારના રોજ બપોરના સુમારે ઘ-૫ તરફથી આવી રહેલી વેગન-આર કારને બેંક ઓફ બરોડ બાજુથી આવી રહેલી બ્લેક કલરની કંપાસ જીપે ટક્કર મારી હતી. જેથી વેગન-આર કારમાં બેઠેલા વ્યકિતએ નીચે ઉતરીને બ્લેક કારને રોકવાનો ઈશારો કર્યો હતો. જીપ માર્ગની બાજુમાં લેવાના બહાને જીપ ચાલકે જીપ દોડાવી દીધી હતી. જેથી જીપ રોકવા માટે વ્યકિતએ જીપના દરવાજાનું હેન્ડલ પકડી રાખ્યું હતું. જેથી ચાલુ જીપ સાથે વ્યકિત લટકી પડ્યા હતા તેમ છતા જીપ નહી ઉભી રાખીને જીપ ફુલ સ્પીડે હંકારતા આખરે હેન્ડલ તુટી જતા વ્યકિત માર્ગ પર પટકાયા હતા અને તેમના હાથ પરથી ગાડીનું ટાયર પસાર થઈ ગયુ હતું. ત્યારે આ તમામ દ્રશ્યો નજરે જોનાર એક એકસેન્ટ કારના ચાલકે જીપનો હિંમતપૂર્વક પીછો કર્યો હતો. બેંક ઓફ બરોડા સામાન્ય અંતરે સ્વર્ણીમ પાર્કના ગેટ પાસે યુવક જીપ બાજુમાં પહોંચી ગયો હતો. જેથી કોમ્પાસ જીપના ચાલકે ગાડી સાઈડમાં દબાવતા એકસેન્ટ કાર ડિવાઈડર પર ચઢી ગઈ હતી અને થાંભલા સાથે અથડાઈને ઉભી રહી ગઈ હતી. ત્યારે હાજર પ્રત્યક્ષદર્શીઓનું કહેવુ હતુ કે કાર કોઈ યુવક ચલાવી રહ્યો હતો. નજીવા અકસ્માત બાદ બચવા માટે દોડાવેલી જીપને પગલે અનેક નાગરીકોના જીવ જોખમમાં મુકાયા હતા. ત્યારે આ બનાવ અંગે આ લખાય છે ત્યાં સુધી કોઈ પોલીસ ફરીયાદ થવા પામી નથી.



# રાંદેસણમાં માત્ર ૫૦ વ્યકિતઓની હાજરીમાં રાજપુત સમાજના નવયુગલે લગ્ન કર્યા

ગાંધીનગરના રાંદેસણ ગામમાં રાજપુત સમાજના એક પરિવારે સાદગીપુર્વક માત્ર ૫૦ વ્યકિતઓની હાજરીમાં જ લગ્નસમારંભ પુર્ણ કર્યા હતો. રાજપુત સમાજે સરકારની ગાઈડલાઈનને અનુસરી અનોખુ ઉદાહરણ પુરુ પાડયુ છે. શહેર નજીકના રાંદેસણ ગામમાં સ્થિત ખોડીયાર મંદિરના પટાંગણમાં નવયુગલે પ્રભુતામાં પગલા પાડયા હતા. વરરાજા રતનપુરના દેવરાજસિંહ ઈન્દ્રવદનસિંહ વાઘેલા તથા નવવધુ રાંદેસણના કાજલબા દિલીપસિંહ બિહોલા માતાજીની સમક્ષ હીન્દુ શાસ્ત્રોક્ત વિધીથી લગ્ન કર્યા હતા. જયારે આ લગ્ન પ્રસંગમાં માત્ર ૫૦ વ્યકિતઓએ હાજરી આપી હતી. કોરોનાના કહેર વચ્ચે લગ્નસમારંભ માત્ર ૫૦ વ્યકિતઓની હાજરીમાં જ યોજવા માટે છુટ આપવામાં આવી છે. જયારે રાંદેસણ ગામના આ પરિવાર સહીત સમગ્ર સમાજે સાદગીપુર્વક લગ્નસમારંભ યોજીને એક આગવુ ઉદાહરણ પુરુ પાડયુ હતુ. એટલુ જ નહીં પરંતુ લગ્ન સમારંભ દરમિયાન શોસિયલ ડીસ્ટન્સીંગનુ પણ પાલન કરવામાં આવ્યુ હતુ. લગ્નવિધી દરમિયાન પણ વર કન્યાએ પણ માસ્ક પહેર્યા હતા. જયારે લગ્નવિધી કરનારા મહારાજે પણ માસ્ક પહેરીને જ મંત્રોચ્ચાર કરીને વિધી સંપન્ન કરાવી હતી. જયારે લગ્નસમારોહમાં હાજર તમામે માસ્ક પહેર્યા હતા. તેમના લગ્નની છેલ્લા એક વર્ષથી તૈયારી કરવામાં આવતી હતી. જયારે કોરોનાના લીધે તારીખ પણ બદલવાની ફરજ પડી હતી. લગ્નસમારંભ દરમિયાન આડા દિવસોમાં તોતિંગ ખર્ચ થતા હોય છે. પરંતુ કોરોનાના કહેર વચ્ચે આ મુજબના લગ્નનુ આયોજન સમાજ માટે પણ પ્રેરણાદાયી બન્યુ હતુ. લગ્નના આયોજન માટે ગાંધીનગરના મામલતદારની પરવાનગી પણ લેવામા આવી હતી. બન્ને પક્ષકારોને સમજાવીને જિલ્લા રાજપુત સમાજના પુર્વ પ્રમુખ અને ગુજરાત બાર કાઉન્સિલના મેમ્બર વકીલ કીરીટસિંહ બિહોલા, તેમજ વનરાજસિંહ બિહોલાએ કોરોનાના કહેર વચ્ચે નિયમ મુજબ લગ્નસમારોહનુ આયોજન કરવા માટે જહેમત ઉઠાવી હતી.



# હોસ્પિટલોને કોરોનાની સારવારમાં ૧૦ ટકા ઘટાડો કરવા કોર્ટનો નિર્દેશ

### હોસ્પિટલોની લૂંટ સામે સરકાર સામેની સુઓમોટો અરજી પર એડવોકેટ જનરલની કોર્ટ સમક્ષ રજૂઆત

અમદાવાદ,તા.૨૯

કોરોના મહામારીમાં રાજય સરકાર ધ્વારા લેવાયેલા વિવિધ પગલા અંગે ગુજરાત હાઈકોર્ટે સંતોષ વ્યક્ત કરતા ખાનગી હોસ્પિટલોને મહામારીના આ સમયમમાં નફાખોરીની માનસિકતામાંથી બહાર આવી રાજ્ય સરકાર ધ્વારા ૧૬મી મે એ નક્કી કરેલ સારવારના દરોમાં વધુ દસ ટકા ઘટાડો કરવાનો નિર્દેશ કરેલ છે.

ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ વિક્રમનાથ અને જસ્ટીસ જેબી પારડીવાલાની બેંચ સમશ્ર રાજય સરકાર સામેની થયેલી સુઓ મોટો અરજી અંગે રાજય સરકાર તરફથી એડવોકેટ જનરલ કમલભાઈ ત્રિવેદીએ કરેલી રજુઆતોને ધ્યાનમાં લઈને હાઈકોર્ટે કેટલાક મહત્વપૂર્ણ અવલોકનો અને હુકમ કરેલ છે. હાઈકોર્ટે સરકારની કામગીરી અંગે સંતોષ વ્યક્ત કરતાં જણાવ્યું કે કોવિડ-૧૯ સિવીલ હોસ્પીટલ અમદાવાદના સંદર્ભમાં રાજ્ય સરકારને હાઈકોર્ટ ધ્વારા આપવામાં આવેલા તમામ દિશા નિર્દેશોનું પાલન થયું છે. હાઈકોર્ટ ધ્વારા નિમવામાં આવેલી પ્રણ એકસપર્ટ ડોકટરો ડૉ. અમી પરીખ, ડૉ. અદ્વૈત ઠાકોર અને ડૉ. બિપીન અમીનની સમિતીએ રાજય સરકારે લીધેલા પગલાઓની વિગતો સાથે જે અહેવાલ કોર્ટે સમક્ષ રજુ કર્યા તેની પણ હાઈકોર્ટ નોંધ લઈને સંતોષ વ્યક્ત કર્યો છે.

ગુજરાત હાઈકોર્ટે ખાનગી હોસ્પિટલ ધ્વારા કરવામાં આવેલ અરજી અંગે નારાજગી વ્યક્ત કરતાં સવાલ કર્યો હતો કે કોરોનાનો સંકટકાળ ચાલે છે અને તમે આ પ્રકારની અરજી શા માટે કરી છે. હાઈકોર્ટ રાજ્ય સરકારને નિર્દેશ આપતા જણાવ્યું કે ખાનગી હોસ્પિટલોને સમજાવે કે આ સંજોગોમાં લોકોના ભલા માટે કામ કરે છે. હાલનો સમય નફા ખોરીનો નથી આ પ્રકારની માનસિકતા ખાનગી હોસ્પિટલ છોડે તેવી તેમનો વિનંતી છે.

ખાનગી હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓ માટે ૫૦ ટકા અનામત રાખવામાં આવેલ બેડમાં સરકારે ૧૬મી મે નક્કી કરેલ દરમાં વધુ ૧૦ ટકાનો ઘટાડો કરે. રાજયમાં કોરોના દર્દીઓના ટેસ્ટીગ આઈસીએમઆરની ગાઈડલાઈન મુજબ કરવામાં આવતા હોવાના મુદ્દે ગુજરાત હાઈકોર્ટે આઈસીએમઆરને પક્ષકાર તરીકે જોડી વધુ સુનવણી મુલતવી રાખેલ છે.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**

(ગુજરાત સરકારનું સાહસ)

**જાહેર નિવિદા નં.૨ સને ૨૦૨૦-૨૧ (બીજો પ્રયત્ન)**

કાર્યપાલક ઈજનેર, જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ, ૨૦૧, જલભવન, વિજાપુર બાયપાસ રોડ, હિંમતનગર - ફોન નં. ૯૯૭૮૪૦૬૫૭૭ની કચેરી દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર આઈ.ડી. નં. ૪૦૯૭૧૫થી સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર / પ્રાંતિજ અને તલોદ તાલુકામાં ઉંડા પાતાળકુવા (ડી.આર. બોર) શારકામ માટેની કામગીરી કરવાના રૂ. ૪૪,૫૮,૨૨૧.૦૦ના કામોના અનુભવ ધરાવતા (ટેન્ડરમાં માગ્યા મુજબ) માઈલ સ્ટોન ડેટામાં માગ્યા મુજબ લાયકાત ધરાવતા ઠેકેદારો પાસેથી ડાવો માંગવામાં આવે છે. વિગતવાર ટેન્ડર નોટીસ અને ટેન્ડર ડોક્યુમેન્ટ www.gwssb.nprocure.com પર ઉપલબ્ધ છે. ટેન્ડર ઓનલાઈન અપલોડ કરવાની છેલ્લી તા. ૧૫/૬/૨૦૨૦ને ૧૮.૦૦ કલાક સુધી છે. અને રજી.પો.એ.ડી./ રૂબરૂ / સ્પીડ પોસ્ટથી હાર્ડ કોપીમાં દસ્તાવેજ મેળવવાની છેલ્લી તા. ૧૬/૬/૨૦૨૦ને ૧૫.૦૦ કલાક સુધી છે. ઉપરોક્ત કામો માટેના ભાવપત્રકોમાં હવે પછીના કોઈપણ સુધારા વધારા સંબંધિત વેબસાઈટ ઉપર પ્રદર્શિત કરવામાં આવશે. ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડના સક્ષમ કક્ષા દ્વારા ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર રહેશે. ગ્રામ્ય કક્ષાથી પીવાના પાણીની ફરિયાદો માટે ટોલ ફી નં. ૧૯૧૬ છે.

નામાનિ/હિંમત/૩૫/૨૦૨૦